| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**<u>અપીલ અરજી નં. ૦૧/૧૯–૨૦</u>**

**અરજદાર :** શ્રી ભૂપતભાઈ એમ. મુંજાણી

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ )

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ–** અરજદાર શ્રી ભૂપતભાઈ એમ. મુંજાણી ની તા.૧૬/૦૩/૧૯ ની અરજી આઈ.ડી. નં.૧૫૬(સ્લમ અપગ્રેડેશન સેલ)ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૨/૦૫/૧૯ની અપીલ અરજીનં.No.SMC/AFO/FAP/ 01/19-20.

અરજદાર શ્રી ભૂપતભાઈ એમ. મુંજાણી એ તેઓની મુળ અરજી તા.૧૬/૦૩/૧૯ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૫૬(સ્લમ અપગ્રેડેશન સેલ) થી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારા મુદ્દા નં.૪ થી ૯ ની સંપૂર્ણ માહિતી માટે ડે. ઈજનેરશ્રી, આકારણી અધિકારીશ્રી(કતારગામ ઝોન) તથા એફોર્ડેબલ હાઉસીંગ સેલને તબદીલ કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૦૨ તા.૦૧/૦૪/૧૯ થી નમુના–ઘ માં દર્શાવ્યા મુજબ મુદ્દા નં. ૬ ની સંપૂર્ણ માહિતી માટે યુ.સી.ડી.વિભાગ તથા મુદ્દા નં. ૮ ની સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને આકારણી વસુલાત અધિકારીશ્રી (વરાછા ઝોન, લિંબાયત ઝોન, ઉધના ઝોન, અઠવા ઝોન, વેસ્ટ ઝોન) ને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા જે માહિતી પુર્તતા માટે નાણા ભરપાઈ કરવા અત્રેના પત્ર નં .એફો.હા.સેલ/૦૩ અને ૦૪ તા.૦૧/૦૪/૧૯ થી જણાવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા તા.૧૫/૦૪/૧૯ ના રોજ નકલ ફી રૂા. ૦૮/– ભરપાઈ કરી તેની રસીદની ઝેરોક્ષ નકલ તા.૧૬/૦૪/૧૯ના રોજ અત્રેના ખાતામાં રૂબરૂમાં રજુ કરેલ છે. જેના અનુસંધાને એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૦૦ તા.૧૮/૦૪/૧૯ ના રોજ નમુનો–ગ થી માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે માહિતી સંદર્ભે મુદ્દા નં. ૧ થી ૩ ની માહિતી આપેલ નથી તથા મુદ્દા નં.૪, ૬, ૮, ૯ ની આજ દિન સુધી માહિતી મળેલ નથી. એમ જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે.

ઉપરોકત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા નીચે મુજબ મુદ્દા નં. ૧ થી ૯ ની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નં એફો.હા.સેલ/૧૦૦ તા.૧૮/૦૪/૧૯ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૪<br>(આંશિક) | બાહેધરી સ્ટેમ્પ પેપર પર લીધેલ ફલેટ હોલ્ડરો આપેલ બાહેધરી બાબત માહિતી. |
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે આપશ્રી ભૂપતભાઇ એમ.મુંજાણીને મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત કોમ્પ્યુટરાઈઝડ ડ્રો ધ્વારા LIG 25-B ફલેટ નં.503 ફાળવવામાં આવેલ તે સમયે આપશ્રીએ ૧૦૦ રૂા. ના સ્ટેમ્પ પેપર પર એફીડેવીટ/બાહેંધરી રજુ કરવામાં આવેલ જેની નકલ આ સાથે સામેલ છે. તથા LIG 25-B બિલ્ડીગના અન્ય લાભાર્થીઓ ધ્વારા ૧૦૦ રૂા. ના સ્ટેમ્પ પેપર પર રજુ કરવામાં આવેલ એફીડેવીટ/બાહેંધરી માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય તથા વિશ્વસનીય પરસ્પર સબંધો ધરાવતી હોય, આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ પુરી પાડવા જોગ નથી. અત્રેના ખાતાની અન્ય રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |
| મુદ્દા નં.૫ | LIG –૨૫ બી બિલ્ડીગના મેઇન્ટેનસના ૪૧ ફલેટ હોલ્ડરના ૫૦,૦૦૦ હજાર રૂપિયા લેખે ૨૦,૫૦,૦૦૦ રૂપિયા કઇ તારીખે સોસાયટીના બેંક ખાતા મા જમા કરેલ તે બાબત માહિતી બેંકનું નામ એકાઉન્ટ નંબર બાબત માહિતી. |
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે LIG –૨૫ બી બિલ્ડીગના મેઇન્ટેનસના નાણા રૂા.૨૦,૫૦,૦૦૦/– ICICI બેંકનો ચેક નં.૨૬૧૯૯૫ તા.૧૪/૦૯/૧૮ ના રોજ બનાવી સોસાયટી રજીસ્ટ્રેશન થયા બાદ બનાવવામાં આવેલ સોસાયટીના પ્રમુખશ્રી મોરડીયા ઘનશ્યામભાઈ રણછોડભાઈ તથા ઉપપ્રમુખશ્રી ચોવટીયા હરેશકુમાર કેશવલાલને ચેક તા.૧૮/૦૯/૧૮નારોજ આપવામાં આવેલ છે. સોસાયટી રજીસ્ટ્રેશનના સમયે તેઓશ્રી ધ્વારા દર્શાવવામાં આવેલ બેંક એકાઉન્ટની વિગત IDBI બેંક, છાપરાભાઠા અમરોલી શાખામાં S/B A/C NO.-2037104000091862 દર્શાવવામાં આવેલ છે. અન્ય રેકર્ડ આધારિત માહિતી "નીલ" છે. |
| મુદ્દા નં.૯ | LIG ૨૫ સુમન સૌરભમાં ૦૫/૧૦/૧૮ ના રોજ ટેલિફોનિક ફરિયાદ કરેલ કે ફલેટ ભાડે આપેલ વેચાણથી આપેલ તે ફરિયાદ ઉપર કરેલ કાર્યવાહી બાબત માહિતી. |
| પુર્તતા | આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય આપના દ્વારા માંગવામાં આવેલ અત્રેના ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |

ઉપરોકત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે **મુદ્દા નં. ૧ થી ૩ તથા મુદ્દા નં.૪, ૬, ૮, ૯** ની વિગતે રજુઆત કરી છે જે બાબતે અત્રેના ખાતાને લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| અપીલ મુદ્દા | અરજદારની રજુઆત | ખાતાકીય પૂર્તતા |
|---|---|---|
| મુદ્દા નં.૪ (આંશિક) | બાહેધરી સ્ટેમ્પ પેપર પર લીધેલ ફલેટ હોલ્ડરો આપેલ બાહેધરી બાબત માહિતી. | ભૂપતભાઇ એમ.મુંજાણીને મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત કોમ્પ્યુટરાઈઝડ ડ્રો ધ્વારા LIG 25-B ફલેટ નં.503 ફાળવવામાં આવેલ તે સમયે આપશ્રીએ ૧૦૦ રૂા. ના સ્ટેમ્પ પેપર પર એફીડેવીટ/બાહેંધરી રજુ કરવામાં આવેલ જેની નકલ અત્રેના પત્ર નં. એફો.હા.સેલ.આ.નં.૧૦૦ તા.૧૮/૦૪/૧૯ થી નમુના–ગ મુજબ પાઠવવામાં આવેલ છે તથા LIG 25-B બિલ્ડીગના અન્ય લાભાર્થીઓ ધ્વારા ૧૦૦ રૂા. ના સ્ટેમ્પ પેપર પર રજુ કરવામાં આવેલ એફીડેવીટ/બાહેંધરી માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય તથા વિશ્વસનીય પરસ્પર સબંધો ધરાવતી હોય, આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ પુરી પાડવા જોગ નથી. અત્રેના ખાતાની અન્ય રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |
| મુદ્દા નં.૬ | LIG ૨૫.બી બિલ્ડીગના ૧૧ અગીયાર કમીટી સભ્યોની નામ ફલેટ નંબર સહિત તે બાબત માહિતી. | મુદ્દા નં.૬ થી માંગેલ માહિતી સંદર્ભે LIG–૨૫ બી બિલ્ડીગના સભ્યોની કમિટી બનાવવાની કામગીરી યુ.સી.ડી. વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે જેથી મુદ્દા નં.૬ ની સંપૂર્ણ માહિતી માટે અરજી અત્રેના પત્ર નં. એફો.હા.સેલ.આ.નં.૦૨ તા.૦૧/૦૪/૧૯ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(યુ.સી.ડી.)ને તબદીલ કરવામાં આવેલ છે. |
| મુદ્દા નં.૮ | LIG આવાસ ૧ થી ૩૦ બિલ્ડીગમાં ભાડે આપેલ વેચાણથી આપેલ એવી કોઈ લેખિત ટેલીફોનિક ફરિયાદ મળેલ હોય તે બાબત માહિતી કરેલ કાર્યવાહી બાબત માહિતી. | મુદ્દા નં.૮ થી માંગેલ માહિતી સંદર્ભે મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત LIG– ૧ થી LIG– ૩૦ સ્કીમના આવાસો અલગ અલગ ઝોનમાં બનેલ હોય તેમજ આવાસ ૭ વર્ષ સુધી ભાડે કે વેચાણથી આપી શકાતા ન હોય જેની વખતો વખત આકસ્મિક ચેકીગની કાર્યવાહી માન.મ્યુનિ.કમિશ્નરશ્રીની તા.૨૫/૧૨/૧૬ ની મંજુરી મુજબ જે–તે ઝોન લેવલે કાર્યવાહી કરવાની રહે છે. જેથી મુદ્દા નં.૮ ની સંપૂર્ણ માહિતી માટે અરજી અત્રેના પત્ર નં. એફો.હા.સેલ.આ.નં.૦૨ તા.૦૧/૦૪/૧૯ થી જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રી(વરાછા ઝોન, લિંબાયત ઝોન, ઉધના ઝોન, અઠવા ઝોન, વેસ્ટ ઝોન) ને તબદીલ કરવામાં આવેલ છે. |
| મુદ્દા નં.૯ | LIG ૨૫ સુમન સૌરભમાં ૦૫/૧૦/૧૮ ના રોજ ટેલિફોનિક ફરિયાદ કરેલ કે ફલેટ ભાડે આપેલ વેચાણથી આપેલ તે ફરિયાદ ઉપર કરેલ કાર્યવાહી બાબત માહિતી. | આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય આપના દ્વારા માંગવામાં આવેલ અત્રેના ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. તેમ જવાબ પાઠવવામાં આવેલ છે. |

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૦૨ તા.૦૧/૦૪/૧૯ થી નમુના–ઘ માં દર્શાવ્યા મુજબ તબદીલ કરવામાં આવેલ છે. તથા પત્ર નં. એફો.હા.સેલ/૧૦૦ તા.૧૮/૦૪/૧૯ ના રોજ નમુનો–ગ થી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા યોગ્ય જણાય છે.

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચ મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી ભૂપતભાઈ એમ. મુંજાણીની તા.૧૬/૦૩/૧૯ની મુળ અરજી આઈ.ડી.નં.૧૫૬ થી માંગેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા અત્રેના પત્ર નં. એફો.હા.સેલ.આ.નં.૦૨ તા.૦૧/૦૪/૧૯ થી મુદ્દા નં.૬ ની સંપૂર્ણ માહિતી માટે અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(યુ.સી.ડી.)ને તબદીલ કરવામાં આવેલ તથા મુદ્દા નં.૮ ની સંપૂર્ણ માહિતી માટે અરજી જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રી(વરાછા ઝોન, લિંબાયત ઝોન, ઉધના ઝોન, અઠવા ઝોન, વેસ્ટ ઝોન) ને તબદીલ કરવામાં આવેલ છે. તેમજ પત્ર નં. એફો.હા.સેલ/૧૦૦ તા.૧૮/૦૪/૧૯ ના રોજ નમુનો–ગ થી માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, જે ધ્યાને લેતા પ્રસ્તુત અપીલ અરજી પરત્વે અપીલ અરજીના મુદ્દા નં.૬ ની સંપૂર્ણ માહિતી માટે અપીલ અધિકારી અને પ્રોજેકટ ઓફિસરશ્રી (યુ.સી.ડી.વિભાગ) તથા અપીલ અરજીના મુદ્દા નં.૮ ની સંપૂર્ણ માહિતી માટે અપીલ અધિકારી અને આસી.મ્યુ.કમિશ્નરશ્રી અધિકારીશ્રી(વરાછા ઝોન, લિંબાયત ઝોન, ઉધના ઝોન, અઠવા ઝોન, વેસ્ટ ઝોન) સુરત મહાનગરપાલિકાને અત્રેના પત્ર નં. એફો.હા.સેલ.૧૭૨ તા.૦૮/૦૫/૧૯ થી અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ છે. અત્રેના ખાતા ધ્વારા વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવા યોગ્ય જણાય છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૭૮
તા. ૦૯/૦૫/૧૯

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી ભૂપતભાઈ એમ. મુંજાણી.......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૨/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી વિપુલભાઈ હિરાભાઈ લુવાણી

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી ( એફોર્ડેબલ હાઉસીગ સેલ )

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી વિપુલભાઈ હિરાભાઈ લુવાણી ની તા.૦૧/૦૭/૧૯ ની અરજી આઈ.ડી. નં.૮૭૭(નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન)ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૭/૦૮/૧૯ની અપીલ અરજીનં.No.SMC/AFO/FAP/02/19-20.

અરજદાર શ્રી વિપુલભાઈ હિરાભાઈ લુવાણી એ તેઓની મુળ અરજી તા.૦૧/૦૭/૧૯ના રોજ કરેલ આઈ.ડી.નં.૮૭૭ (નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) થી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલ ધ્વારા જાહેર માહિતી અધિકારી અને નોડલ ઓફિસરશ્રી,CLSS સેલ તથા ડે.એકાઉન્ટન્ટ શ્રી(વેસ્ટ ઝોન) ને મુદ્દા નં.૧ થી ૨ ની સંપૂર્ણ માહિતી માટે પત્ર નં .એફો.હા.સેલ/૪૪૨ તા.૦૬/૦૭/૧૯ થી તબદીલ કરવામાં આવેલ. તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા જે માહિતી પુર્તતા માટે નાણા ભરપાઈ કરવા અત્રેના પત્ર નં .એફો.હા.સેલ/૪૫૦ તા.૦૯/૦૭/૧૯ થી જણાવેલ. અરજદાર શ્રી વિપુલભાઈ હિરાભાઈ લુવાણી ધ્વારા તા.૦૭/૦૮/૨૦૧૯ ના રોજ નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે માંગેલ માહિતી સંદર્ભે મુદ્દા નં. ૩, ૫, ૬ અને ૭ નો પ્રતિભાવ મળેલ નથી. એમ જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે માહિતી મેળવવા માટે અરજદાર ધ્વારા નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરેલ ન હતા.જેથી અત્રેના વિભાગ ધ્વારા કોઈપણ પ્રકારની માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ ન હતી. જે અન્વયે અરજદારને તેમના મો. નં. ૯૭૨૩૭ ૫૧૭૫૬ ઉપર નકલ ફી ભરપાઈના નાણાં રૂા. ૦૪/– ભરી માંગેલ માહિતીની નકલ મેળવી શકશો તેમ જણાવતા તેમના ધ્વારા તા.૦૬/૦૮/૧૯ ના રોજ ભરેલ નકલ ફી રૂા. ૦૪/– ની રસીદની ઝેરોક્ષ નકલ તા.૧૪/૦૮/૧૯ ના રોજ સાંજે ૩:૪૫ કલાકે અત્રેના ખાતામાં રૂબરૂમાં રજુ કરેલ છે. જેના અનુસંધાને એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૬૨૩ તા.૧૪/૦૮/૧૯ ના રોજ નમુનો–ગ થી માહિતી/પુર્તતા આપવામાં આવેલ.

ઉપરોકત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ધ્વારા નં એફો.હા.સેલ/૬૨૩ તા.૧૪/૦૮/૧૯ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૩ | દસ્તાવેજમાં ફકત પુરુષનુ સિંગલ નામ હોય અને મહિલાનુ નામ ઉમેરવા માટે ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ–સચિવાલય ગાંધીનગર ગુજરાતનાં રાજયપાલકશ્રીના હુકમથી અને તેમના નામે (એસ.જી.ભટ્ટ) નાયબ સચીવ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ. ગાંધીનગરનો તા.૨૫/૦૪/૨૦૧૬ના રોજ ઠરાવ ક્રમાંકઃ જેએચબી/૧૧૦૨૦૧૬/૭૯૨/થ ની નકલ મોકલેલ જેની કોપી આ સાથે સામેલ છે. આ ઠરાવ મુજબ અત્યાર સુધીમાં મહિલાના નામ દાખલ થયા હોય એવા કેટલા દસ્તાવેજમાં સુધારો કરવામાં આવ્યો છે તેની સંપૂર્ણ માહિતી આપશોજી. |

| | |
|---|---|
| મુદ્દા નં.૫ | ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ–સચિવાલય ગાંધીનગર ગુજરાતનાં રાજયપાલકશ્રીના હુકમથી અને તેમના નામે (એસ.જી.ભટ્ટ) નાયબ સચીવ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ. ગાંધીનગરનો તા.૨૫/૦૪/૨૦૧૬ના રોજ ઠરાવ ક્રમાંકઃ જેએચબી/૧૧૦૨૦૧૬/૭૯૨/થ ની તા.૨૫/૦૪/૨૦૧૬ ના રોજ મંજુર કરેલ ઠરાવ ૧ મુજબ જે લાભાર્થી પુરુષ કેટેગરીના છે તેમની પત્નીનુ નામ કો–એપ્લીકેન્ટ તરીકે દાખલ કરવા માટે લાભાર્થી પાસેથી નોટરાઈઝેડ સોગંધનામુ મેળવી, સંયુકત નામ તરીકે પત્નીનુ નામ ઉમેરી શકાશે અને ત્યારબાદ પતિ–પત્નીના સંયુકત નામનો દસ્તાવેજ કરવાનો રહેશે અને તેની નોંધ સંબંધિત રેકર્ડ–દસ્તાવેજોમાં કરવાની રહેશે. તેવો ઉલ્લેખ થયેલ છે અને આ ઠરાવની નકલ સંબંધિત વિવિધ કચેરીઓ અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકાઓ(સર્વે)ને પણ મોકલેલ છે તો દસ્તાવેજમાં નામ ચડાવવા માટેની પ્રેસ નોટની કોપી અને ન્યુઝ પેપરના કટીગ આપશોજી. |
| મુદ્દા નં.૬ | ઉપરોકત ઠરાવ મુજબ અત્યાર સુધીમાં દસ્તાવેજ સુધારા માટે SMC ધ્વારા સભ્યોને જાણ કરેલ છે તેવુ અમોને જણાવેલ છે તો કઈ રીતે જાણ કરેલ હતી? ન્યુઝ પેપરોમાં જાહેરાત આપેલ હોય તો તેની પ્રેસ નોટ અને પેપર કટીગ સાથેની સંપૂર્ણ માહિતી આપશોજી. |
| પુર્તતા ૩,૫,૬ | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે અત્રેના વિભાગની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |
| મુદ્દા નં.૭ | આ બાબતે અમોએ ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ–સચિવાલય ગાંધીનગર ખાતે લેખિત અરજી કરેલ તેના જવાબમાં અમોને ગુજરાતના રાજયપાલકશ્રીના હુકમથી અને તેમના નામે (એસ.જી.ભટ્ટ) નાયબ સચીવ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ. ગાંધીનગરનો તા.૨૫/૦૪/૨૦૧૬ના રોજ ઠરાવ ક્રમાંકઃ જેએચબી/૧૧૦૨૦૧૬/૭૯૨/થ ની નકલ મોકલેલ. જેની કોપી આ સાથે સામેલ છે. જેમાં તા.૨૫/૦૪/૨૦૧૬ ના મંજુર કરેલ ઠરાવ ૧ મુજબ જે લાભાર્થી પુરુષ કેટેગરીના છે તેઓનેતેમની પત્નીનુ નામ કો–એપ્લીકેન્ટ તરીકે દાખલ કરવા માટે લાભાર્થી પાસેથી નોટરાઈઝેડ સોગંધનામુ મેળવી, સંયુકત નામ તરીકે પત્નીનુ નામ ઉમેરી શકાશે અને ત્યારબાદ પતિ–પત્નીના સંયુકત નામનો દસ્તાવેજ કરવાનો રહેશે અને તેની નોંધ સંબંધિત રેકર્ડ–દસ્તાવેજોમાં કરવાની રહેશે. તેવો ઉલ્લેખ થયેલ છે અને આ ઠરાવની નકલ સંબંધિત વિવિધ કચેરીઓ અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકાઓ(સર્વે)ને પણ મોકલેલ છે તેમ છતા આપના ધ્વારા અમોને તા.૧૯/૧૨/૨૦૧૬ ના રોજ સિંગલ નામથી દસ્તાવેજ કરી આપેલ છે જેથી અમોને મળવાપાત્ર લોન વ્યાજ સબસીડી રકમ ૨,૨૦,૦૦૦/– (અંકે રૂ બે લાખ વીસ હજાર પુરા) મળેલ નથી તેથી આપ સાહેબને વિનંતી છે કે ઉપરોકત બાબતને અને ગુજરાત રાજપાલશ્રીના હુકમ અને નાયબ સચીવ ધ્વારા મંજુર કરેલ ઠરાવ મુજબ મારા દસ્તાવેજમાં મારી પત્નીના નામે રીટાબેન વિપુલભાઈ લુવાણીનું નામ દાખલ કરવા માટે સુધારાના દસ્તાવેજ બનાવી આપેલ નથી અને તે માટે અમોએ SMC માં તા.૨૫/૦૨/૨૦૧૯ ના રોજ કરેલ અરજી કરેલ છે પણ અમોને આજ દિન સુધીમાં તેનો જવાબ મળેલ નથી તો મારી પેન્ડિંગ અરજીની માહિતી આપશોજી. |
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે આપ શ્રી વિપુલભાઈ હિરાભાઈ લુવાણી દ્વારા લોન મેનેજરશ્રી બેંક ઓફ બરોડા, ભાગાતળાવ બ્રાંચને તા.૨૫/૦૨/૨૦૧૯ ના રોજ આપવામાં આવેલ. જે પત્રની ઝેરોક્ષ નકલ અત્રેના વિભાગને તા.૨૬/૦૨/૨૦૧૯ ના રોજ આપવામાં આવેલ જે અન્વયે બેંક ઓફ બરોડામાં લોન મેળવનાર તમામ લાભાર્થીઓને લાભ મળે તે હેતુસર બેંક ઓફ બરોડાને અત્રેના વિભાગ ધ્વારા એફો.હા.સેલ/આ.નં./૧૮૫૩/૧૪ તા.૩૦/૦૩/૨૦૧૯ થી પત્ર તથા એફો.હા.સેલ/આ.નં./૨૨૧/૨૫ તા.૧૫/૦૫/૨૦૧૯ થી યાદપત્ર પાઠવવામાં આવેલ. જેની નકલ આ સાથે સામેલ છે. જેમાંથી આપ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |


ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરેલ ન હતા.જેથી અત્રેના વિભાગ ધ્વારા કોઈપણ પ્રકારની માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ ન હતી.તેમજ તેમના ધ્વારા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે મુદ્દા નં. ૩, ૫, ૬ અને ૭ નો પ્રતિભાવ મળેલ નથી. એમ જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે અન્વયે અરજદારને તેમના મો. નં. ૯૭૨૩૭ ૫૧૭૫૬ ઉપર નકલ ફી ભરપાઈના નાણાં રૂા. ૦૪/– ભરી માંગેલ માહિતીની નકલ મેળવી શકશો તેમ જણાવતા તેમના ધ્વારા તા.૦૬/૦૮/૧૯ ના રોજ ભરેલ નકલ ફી રૂા. ૦૪/– ની રસીદની ઝેરોક્ષ નકલ તા.૧૪/૦૮/૧૯ ના રોજ સાંજે ૩:૪૫ કલાકે અત્રેના ખાતામાં રૂબરૂમાં રજુ કરેલ છે. જેના અનુસંધાને એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૬૨૩ તા.૧૪/૦૮/૧૯ ના રોજ નમુનો–ગ થી માહિતી/પુર્તતા આપવામાં આવેલ. માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા યોગ્ય જણાય છે.

**–: હુ કમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચ મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે નકલ ફી ભરપાઈ કરી માહિતી/પુર્તતા મેળવ્યા પહેલા જ પ્રથમ અપીલ દાખલ કરેલ હોય જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (એર્ફોડેબલ હાઉસીગ સેલ) ની માહિતી પુરી પાડવા અંગે કોઈ જવાબદારી રહેતી નથી તેમ છતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (એર્ફોડેબલ હાઉસીગ સેલ) ધ્વારા અપીલ અરજી કર્યા બાદ પણ અરજદાર ધ્વારા નકલ ફી ભરપાઈ કર્યે થી અત્રેના પત્ર નં. એફો.હા.સેલ.આ.નં.૬૨૩ તા.૧૪/૦૮/૧૯ ના રોજ નમુનો–ગ થી માહિતી/પુર્તતા આપવામાં આવેલ હોય,આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની બાકી હોવાનું જણાતુ ન હોય અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છે.

એફો.હા.સેલ. આ.નં./૭૦૫
તા. ૦૪/૦૯/૨૦૧૯

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી વિપુલભાઈ હિરાભાઈ લુવાણી .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |


**અપીલ અરજી નં. ૦૩/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી દેવાનંદભાઈ નારણભાઈ સાંખટ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ )

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી દેવાનંદભાઈ નારણભાઈ સાંખટની તા.૧૮/૦૯/૧૯ ની અરજી આઈ.ડી. નં.૬૩૮(વેસ્ટ ઝોન)ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૫/૧૦/૧૯ની અપીલ અરજીનં.No.SMC/AFO/FAP/ 03/19-20.

અરજદાર શ્રી દેવાનંદભાઈ નારણભાઈ સાંખટ એ તેઓની મુળ અરજી તા.૧૮/૦૯/૧૯ના રોજ કરેલ આઈ.ડી.નં.૬૩૮ (વેસ્ટ ઝોન) થી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને નાયબ હિબાસનીસશ્રી (વેસ્ટ ઝોન) ધ્વારા એફોર્ડેબલ હાઉસીંગ સેલને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના ખાતાને તા.૨૪/૦૯/૧૯ ના રોજ મળેલ. તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા જે મુદ્દા નં.૧ થી ૫ ની માંગેલ માહિતી સંદર્ભે દસ્તાવેજ બાબતની લાગત માહિતીની પુર્તતા માટે 2ND FLOOR દસ્તાવેજ વિભાગના ડીમ પીઆઈઓ. સેકશન ઓફિસરશ્રી ને તા.૨૪/૦૯/૧૯ ના રોજ જાણ કરવામાં આવેલ જેના અનુસંધાને 2ND FLOOR દસ્તાવેજ વિભાગના ડીમ પીઆઈઓ. સેકશન ઓફિસરશ્રી એ તા.૨૫/૦૯/૧૯ ના રોજ મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી એફોર્ડેબલ હાઉસીંગ સેલના દસ્તાવેજ વિભાગના બીજા માળના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના વિભાગની માહિતી "નીલ" છે જે ધ્યાને લેતા એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૮૯૮ તા.૦૯/૧૦/૧૯ ના રોજ નમુનો–ગ થી માહિતી/પુર્તતા આપવામાં આવેલ.

ઉપરોકત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ધ્વારા નં એફો.હા.સેલ/૮૯૮ તા.૦૯/૧૦/૧૯ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | દસ્તાવેજમાં ફકત પુરુષનુ સીગલ નામ હોય તેવા દસ્તાવેજ માં પત્નીનું કે સ્ત્રીનું નામ કઈ રીતે ઉમેરી શકાય? તેની સંપૂર્ણ વિગતે માહિતી આપશો. |
| મુદ્દા નં.૨ | કોઈ દસ્તાવેજમાં ફકત પુરુષનુ સીગલ નામ હોય તેવા દસ્તાવેજ માં પત્નીનું કે સ્ત્રીનું નામ આજદીન સુધી તમે કયારેય ઉમેરી આપ્યુ છે કે નહી? તેની સંપૂર્ણ વિગતે માહિતી આપશો. |
| મુદ્દા નં.૩ | દસ્તાવેજમાં ફકત પુરુષનુ સીગલ નામ હોય તેવા દસ્તાવેજ માં પત્નીનું કે સ્ત્રીનું નામ SMC ધ્વારા ઉમેરી આપવામાં આવશે કે નહી? તેની સંપૂર્ણ વિગતે માહિતી આપશો. |
| મુદ્દા નં.૪ | અગર ઉપરોકત પ્રશ્ન ૩ નો જવાબ ના હોય તો તેના કારણો જણાવો. |
| મુદ્દા નં.૫ | પ્રશ્ન ૪ ના અનુસંધાને સરકાર ધ્વારા કે સંબધિત ખાતા ધ્વારા કોઈપણ જાહેરનામુ કે સુચનાપત્ર બહાર પાડેલ હોય તેની પ્રમાણિત નકલ આપશો. |
| પુર્તતા | આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ ભૈતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી પ્રશ્નાર્થ / અભિપ્રાય/ મંતવ્ય/ સુચન સ્વરૂપની જણાય છે. આપના દ્વારા માંગવામાં આવેલ અત્રેના ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ ભૈતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય પ્રસ્તુત મુદ્દા નં.૧ થી ૫ માં માંગવામાં આવેલ માહિતી સંદર્ભે દસ્તાવેજ વિભાગના ડીમ પીઆઈઓ. સેકશન ઓફિસરશ્રી ધ્વારા તા.૨૫/૦૯/૧૯ ના રોજ મુદ્દા નં.૧ થી ૫ ની એફોર્ડેબલ હાઉસીંગ સેલના દસ્તાવેજ વિભાગની માહિતી ઉપલબ્ધ રેકર્ડ મુજબ "નીલ" છે તેમ જણાવેલ છે. જે ધ્યાને લેતા એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૮૯૮ તા.૦૯/૧૦/૧૯ ના રોજ નમુનો–ગ થી માહિતી/પુર્તતા કરવામાં આવેલ, ઉકત માંગવામાં આવેલ માહિતી રેકર્ડ આધારીત નહી પરંતુ પ્રશ્ન /અભિપ્રાય/મંતવ્ય/સુચન સ્વરૂપની માંગવા સમાન જણાય છે, તેવી માહિતીનો રેકર્ડ ઉપલબ્ધ નહી હોય, પુરી પાડી શકાય નહી કે તેવી માહિતી પુરી પાડવાની જવાબદારી જાહેર માહિતી અધિકારીની રહેતી નથી.માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા યોગ્ય જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચ મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૫ માહિતી સંદર્ભે આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય અરજીના મુદ્દા ધ્યાને લેતા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી પ્રશ્નાર્થ/ અભિપ્રાય/ મંતવ્ય/ સૂચન સ્વરૂપની જણાય છે. તમામ મુદ્દાઓમાં ખાતાને સૂચન/ઓર્ડર કરતા હોય તેવુ સ્પષ્ટ પણે જણાય છે તેવી માગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ ખાતામાં ઉપલબ્ધ હોય શકે નહી તેવી રેકર્ડ સિવાયની માહિતી પૂરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી થતી નથી. આપના દ્વારા અપીલ કરવામાં આવેલ જેમાં માંગેલ માહિતી સંદર્ભે માંગવામાં આવેલ માહિતી આપતા નથી અને પ્રશ્નના જવાબ ઉડાવી દે છે જેવી રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, તેમ છતા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૯૯૫ તા.૨૩/૧૦/૧૯ થી નોડલ ઓફિસરશ્રી, CLSS સેલ તથા ડે.એકાઉન્ટન્ટશ્રી (વેસ્ટ ઝોન) ને પાઠવેલ પત્રના અનુસંધાનમાં તેમના આઉટ વર્ડ નં.૨૬૫૪ તા.૨૩/૧૦/૧૯ પશ્ચિમ ઝોન ધ્વારા સેકશન અધિકારી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના પત્ર ક્રમાંકઃ એએચએમ/૧૦૨૦૧૯/૬૭૭/થ/૧ તા. /૦૫/૨૦૧૯ ની નકલ પાઠવવામાં આવેલ. જેની નકલ અરજદારને વિના મૂલ્યે પાઠવી, પ્રસ્તુત અપીલ અરજી અંગે વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની બાકી હોવાનું જણાતુ ન હોય અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૦૧૯
તા. ૦૨/૧૧/૨૦૧૯

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી દેવાનંદભાઈ નારણભાઈ સાંખટ .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૪/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી આશિષભાઈ અણઘણ/ હાર્દિકભાઈ અણઘણ

**સામાવાળા :** આસી.એકાઉન્ટન્ટ ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદાર શ્રી આશિષભાઈ અણઘણ/ હાર્દિકભાઈ અણઘણની તા.૧૭/૦૯/૧૯ ની અરજી આઈ.ડી. નં.૭૨૦ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–**અરજદાર મજકુરની તા.૧૯/૧૦/૧૯ની અપીલ અરજી નં.No.SMC/AFO/FAP/04/19-20.

અરજદાર શ્રી આશિષભાઈ અણઘણ/ હાર્દિકભાઈ અણઘણએ તેઓની મુળ અરજી તા.૧૭/૦૯/૧૯ના રોજ કરેલ આઈ.ડી.નં.૭૨૦ થી મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર (સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી અત્રેના વિભાગને તા.૦૯/૧૦/૨૦૧૯ના રોજ મુદ્દા નં. ૧ અને ૨ ની સંપૂર્ણ માહિતી માટે તબદીલ કરવામાં આવેલ છે. જે માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ શ્રી (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૯૩૩ તા.૧૫/૧૦/૧૯ થી અત્રેના ખાતાને લાગત માહિતી બાબતે અરજદારને જવાબ/પુર્તતા પાઠવવામાં આવેલ છે. અરજદાર શ્રી આશિષભાઈ અણઘણ/ હાર્દિકભાઈ અણઘણ દ્વારા (૧)પ્રતિ ઉત્તર મળેલ નથી. (૨)**નોંધ:–** અપીલનો સમય સાંજે ૪:૦૦ થી ૬:૦૦ વચ્ચે રાખવા વિનંતી તેમજ જાહેર માહિતી અધિકારીએ અમોને પૂર્વ યોજના મુજબ માહિતી આપી નથી તેમજ જાહેર માહિતી અધિકારીએ માહિતી અધિકારનો અનાદર કર્યો છે અને કાયદાનુ પાલન કરવામાં કોઈપણ દેખીતા કારણ વગર નિષ્ફળ ગયા છે જેથી સદર માહિતી દિન–૭ માં વિના મૂલ્યે પુરી પાડવામાં આવે અને ભવિષ્યમાં જાહેર માહિતી અધિનિયમ ૨૦૦૫ અન્વયે આવતી અરજી અંગે કાયદાનુ યોગ્ય અને સમયસર પાલન કરવા હુકમ કરશો તેમ જણાવી નમુના–ક મુજબ માંગેલ માહિતી બાબતે પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે.

ઉપરોકત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે અત્રેના ખાતાને લાગત માહિતી માટે નીચે દર્શાવ્યા મુજબ માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નં. એફો.હા.સેલ/૯૩૩ તા.૧૫/૧૦/૧૯ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | ઉપરોકત સ્કીમમાં કેટલા ફોર્મ કેટલા રૂપિયાના બહાર પાડવામાં આવેલ છે. તેની વિગત આપવી. |
| મુદ્દા નં.૨ | ફોર્મની કિંમત કેટલી નકકી કરવામાં આવી અને કેટલા ફોર્મ વેચાણ કરવામાં આવ્યા તથા ફોર્મની આવકનો નફો કયા હેડ હેઠળ મુકવામાં આવે છે તેની વિગતો આપવી. |
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨) અંતર્ગત EWS-26 થી EWS-29, EWS-32, EWS-34, EWS-35 સ્કીમના કુલ ૩,૯૫૧ આવાસ માટે ૬૦,૦૦૦ ફોર્મ છપાવવામાં આવેલ, સદર ફોર્મની વેચાણ કિંમત ફોર્મ દીઠ રૂા.૧૦૦/– હતી. સદર આવાસ યોજના માટે ૫૫,૦૦૩ ફોર્મનું વેચાણ કરવામાં આવેલ. જે ફોર્મના નાણાં બી.સી.એન.ટી. કોડ નંબર ૪૨/૦૮, નીબહ ૧૭૫૩ હેઠળ જમા કરાવવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |


ઉપરોકત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે નીચે વિગતે રજુઆત કરી છે જે બાબતે અત્રેના ખાતાને લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| અપીલ મુદ્દા નં. | અરજદારની રજુઆત | ખાતાકીય પૂર્તતા |
|---|---|---|
| ૧ | (૧)પ્રતિ ઉત્તર મળેલ નથી. (૨)**નોંધઃ**– અપીલનો સમય સાંજે ૪:૦૦ થી ૬:૦૦ વચ્ચે રાખવા વિનંતી તેમજ જાહેર માહિતી અધિકારીએ અમોને પૂર્વ યોજના મુજબ માહિતી આપી નથી તેમજ જાહેર માહિતી અધિકારીએ માહિતી અધિકારનો અનાદર કર્યો છે અને કાયદાનુ પાલન કરવામાં કોઈપણ દેખીતા કારણ વગર નિષ્ફળ ગયા છે જેથી સદર માહિતી દિન–૭ માં વિના મૂલ્યે પુરી પાડવામાં આવે અને ભવિષ્યમાં જાહેર માહિતી અધિનિયમ ૨૦૦૫ અન્વયે આવતી અરજી અંગે કાયદાનુ યોગ્ય અને સમયસર પાલન કરવા હુકમ કરશો. | અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટશ્રી (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૯૩૩ તા.૧૫/૧૦/૧૯ થી અત્રેના ખાતાને લાગત માહિતી માટે નીયત સમયમર્યાદામાં જવાબ/પુર્તતા પાઠવવામાં આવેલ છે. અપીલ અરજીના મુદ્દા ધ્યાને લેતા અરજદાર દ્વારા અપીલ અધિકારીશ્રી, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન સેલના પ્રત્યુતરથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે તેમ જણાય છે. અપીલ અરજી સંદર્ભે અત્રેના ખાતા દ્વારા સમય ફાળવવા બાબતે કોઈપણ પત્ર વ્યવહાર કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારીશ્રી અને આસી.એકાઉન્ટન્ટશ્રી (એફોર્ડેબલ હાઉસીગ સેલ)ના પાઠવેલ જવાબથી નારાજ થયેલ જણાતુ નથી. |

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે અપીલ અધિકારીશ્રી, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન સેલના પ્રત્યુતરથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે તેમ જણાય છે. જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટશ્રી (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૯૩૩ તા.૧૫/૧૦/૧૯ થી અત્રેના ખાતાને લાગત માહિતી માટે નીયત સમયમર્યાદામાં જવાબ/પુર્તતા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા યોગ્ય જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચ મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી આશિષભાઈ અણઘણ/ હાર્દિકભાઈ અણઘણની તા.૧૭/૦૯/૧૯ ની અરજી આઈ.ડી. નં.૭૨૦ ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે અપીલ અધિકારીશ્રી, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન સેલના પ્રત્યુતરથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે તેમ જણાય છે. જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટશ્રી (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૮૨૨ તા.૨૯/૦૮/૧૮ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ માહિતી /પુર્તતા પાઠવવામાં આવેલ જે યોગ્ય અને નિયમાનુસાર જણાતી હોય, વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦ –એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૧૦૦
તા. ૦૬/૧૧/૨૦૧૯

**(મો.સઈદ યુસુફ ભામ)**
**એપેલેટ અધિકારી અને**
**ડે.એકાઉન્ટન્ટ,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી આશિષભાઈ અણઘણ/ હાર્દિકભાઈ અણઘણ .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૫/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી પ્રદિપભાઈ એમ. મુંજાણી, શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણી

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:**– અરજદાર શ્રી પ્રદિપભાઈ એમ. મુંજાણી, શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણીની તા.૨૩/૦૯/૧૯ની અરજી આઈ.ડી. નં.૩૪૫ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:**– અરજદાર મજકુરની તા. ૦૭/૧૨/૧૯ની અપીલ અરજી નં.No.SMC/AFO/FAP/05/19-20.

અરજદાર શ્રી પ્રદિપભાઈ એમ. મુંજાણી, શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણી એ તેઓની આરટીઆઈ એકટ હેઠળની અરજી તા.૨૩/૦૯/૧૯ના રોજ કરેલ આઈ.ડી.નં.૩૪૫ થી માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૮૪૮ તા.૦૧/૧૦/૧૯ થી મુદ્દા નં. ૯,૧૦,૧૦,૧૧ ની સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રી(કતારગામ ઝોન) તથા મુદ્દા નં. ૧૧ ની સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રી (વરાછા ઝોન એ અને બી, લિંબાયત ઝોન, ઉધના ઝોન, અઠવા ઝોન, વેસ્ટ ઝોન) ને તબદીલ કરવામાં આવેલ. તેમજ લાગત માહિતી માટે નાણા ભરપાઈ કરવા અત્રેના પત્ર નં .એફો.હા.સેલ/૮૫૦ તા.૦૧/૦૯/૧૯ થી જણાવેલ. જે અન્વયે અરજદાર ધ્વારા તા.૦૪/૧૦/૧૯ ના રોજ નકલ ફી રૂ. ૦૨/– ભરપાઈ કરી તેની જાણ અત્રેના ખાતાને તા.૦૫/૧૦/૧૯ના રોજ થયેલ છે. જેના અનુસંધાને એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૮૬૮ તા.૦૭/૧૦/૧૯ ના રોજ નમુનો–ગ થી નીચે મુજબ માહિતી/પુર્તતા પૂરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૩ | ઓન લાઈન કમ્પ્લેન નં.૭૭૭/૮૨૦૧૯૪૪૯૨૬ પર ૦૫/૦૮/૧૯ કરેલ કાર્યવાહી બાબત વિગત. |
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલ ધ્વારા કરેલ કાર્યવાહીનું પત્રક આ સાથે સામેલ છે. જેમાંથી આપ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. |
| મુદ્દા નં.૫ | સુ.મ.પા.ના જુદા જુદા વિભાગમાં આવતી લેખિત અરજીઓ ફરીયાદના નિકાલ બાબતની સમય મર્યાદા બાબતની વિગત. ખોટી એફીડેવીટ કરવી ગુન્હો હોય આ ફલેટ ધારકોએ ગુન્હો કરેલ હોય તેની પર કરે કાર્યવાહીની વિગત. |
| પુર્તતા | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ ભૈતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય આપના દ્વારા માંગવામાં આવેલ અત્રેના ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |
| મુદ્દા નં.૬ | ઓન લાઈન ફરીયાદ સુ.મ.પા.ના જુદા જુદા ખાતા ઝોનમાં મળેલ હોય તે નિકાલની સમય મર્યાદા બાબતની વિગત. |
| મુદ્દા નં.૭ | ઓન લાઈન ફરીયાદ ઉપર કામગીરી ચાલુ હોય ને નિકાલ બતાવાય તે બાબત વિગત. તે યોગ્ય હોય તે બાબત વિગત. |
| મુદ્દા નં.૮ | ઓન લાઈન ફરીયાદ કેટલીવાર રી ઓપન કરી શકાય તે બાબત વિગત. |
| પુર્તતા<br>૬ થી ૮ | આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત મુદ્દા નં.૬ થી ૮ની લાગત માહિતી સંદર્ભે અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) દ્વારા જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી(કમ્પ્લેઈન મેનેજમેન્ટ)ને તબદીલ આવેલ છે. આપના દ્વારા માંગવામાં આવેલ અત્રેના ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |
| મુદ્દા નં.૧૨ | ઉપર જણાવેલ ઓન લાઈન ફરીયાદ સાચી છે ખોટી છે તે સંપૂર્ણ વિગત બાબત માહિતી. |
| મુદ્દા નં.૧૩ | ઓન લાઈન ફરીયાદ સાચી નિકળેલ તે ભાડે આપેલ ફલેટોને ખાલી કરાવવા,સીલ મારવા કબજો લેવાની સમય મર્યાદા બાબતે સંપૂર્ણ સમય મર્યાદા બાબત વિગત માહિતી. |
| મુદ્દા નં.૧૪ | તા.૧૪/૦૫/૧૯ ના રોજ કતારગામ ઝોનમાં આપેલ લેખિત ફરીયાદ પર કરે કામગીરીની સંપૂર્ણ વિગત બાબત માહિતી. |
| મુદ્દા નં.૧૫ | મુખ્યમંત્રી આવાસ, પ્રધાનમંત્રી આવાસ ફાળવેલ પરીવારને રહેવા માટે તે હોય કે ભાડે આપવા તેની વિગત. |
| પુર્તતા<br>૧૨ થી ૧૫ | આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ ભૈતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય આપના દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી પ્રશ્નાર્થ / અભિપ્રાય/ મંતવ્ય/ સુચન સ્વરૂપની જણાય છે. આપના દ્વારા માંગવામાં આવેલ અત્રેના ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૮૬૮ તા.૦૭/૧૦/૧૯ થી આપવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૬, ૯, ૧૦, ૧૦, ૧૧ થી ૧૫ માહિતી અધુરી, કરેલ કાર્યવાહીની માહિતી અને વિસંતતાવાળી અધુરી મળેલ હોય કાર્યવાહીની સંપૂર્ણ માહિતી મળેલ નથી, ફલેટ ધારકોને આપેલ નોટીસના જવાબની માહિતી મળેલ નથી. એમ જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે બાબતે અત્રેના ખાતાને લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| મુદ્દા નં. | અરજદારની માંગેલ માહિતી | અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા |
|---|---|---|
| મુદ્દા નં.૩ | ઓન લાઈન કમ્પ્લેન નં. ૭૭૭/૮૨૦૧૯૪૪૯૨૬ પર ૦૫/૦૮/૧૯ કરેલ કાર્યવાહી બાબત વિગત. | આપશ્રી ને નકલ ફી ભરપાઈ કર્યેથી અત્રેના વિભાગ ધ્વારા કરેલ કાર્યવાહીનો પત્ર પાઠવવામાં આવેલ છે. |
| મુદ્દા નં.૫ | સુ.મ.પા.ના જુદા જુદા વિભાગમાં આવતી લેખિત અરજીઓ ફરીયાદના નિકાલ બાબતની સમય મર્યાદા બાબતની વિગત. ખોટી એફીડેવીટ કરવી ગુન્હો હોય આ ફલેટ ધારકોએ ગુન્હો કરેલ હોય તેની પર કરે કાર્યવાહીની વિગત. | આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ ભૈતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય આપના દ્રારા માંગવામાં આવેલ અત્રેના ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |
| મુદ્દા નં.૬ | ઓન લાઈન ફરીયાદ સુ.મ.પા.ના જુદા જુદા ખાતા ઝોનમાં મળેલ હોય તે નિકાલની સમય મર્યાદા બાબતની વિગત. | મુદ્દા નં.૬ થી ૮ની લાગત માહિતી સંદર્ભે અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) દ્વારા જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી(કમ્પ્લેઈન મેનેજમેન્ટ)ને તબદીલ આવેલ છે. આપના દ્રારા માંગવામાં આવેલ અત્રેના ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |
| મુદ્દા નં.૭ | ઓન લાઈન ફરીયાદ ઉપર કામગીરી ચાલુ હોય ને નિકાલ બતાવાય તે બાબત વિગત. તે યોગ્ય હોય તે બાબત વિગત. | |
| મુદ્દા નં.૮ | ઓન લાઈન ફરીયાદ કેટલીવાર રી ઓપન કરી શકાય તે બાબત વિગત. | |
| મુદ્દા નં.૧૨ | ઉપર જણાવેલ ઓન લાઈન ફરીયાદ સાચી છે ખોટી છે તે સંપૂર્ણ વિગત બાબત માહિતી. | મુદ્દા નં.૧૨ બાબતે ઓનલાઈન ફરિયાદ <u>સાચી છે કે ખોટી</u> તે સંપૂર્ણ વિગત બાબતની માહિતી અભિપ્રાય સ્વરૂપની જણાય છે. |
| મુદ્દા નં.૧૩ | ઓન લાઈન ફરીયાદ સાચી નિકળેલ તે ભાડે આપેલ ફલેટોને ખાલી કરાવવા,સીલ મારવા કબજો લેવાની સમય મર્યાદા બાબતે સંપૂર્ણ સમય મર્યાદા બાબત વિગત માહિતી. | મુદ્દા નં.૧૩ બાબતે અત્રેના વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. |
| મુદ્દા નં.૧૪ | તા.૧૪/૦૫/૧૯ ના રોજ કતારગામ ઝોનમાં આપેલ લેખિત ફરીયાદ પર કરે કામગીરીની સંપૂર્ણ વિગત બાબત માહિતી. | મુદ્દા નં.૧૪ બાબતે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી મધ્યસ્થ કચેરી ધ્વારા ડે. ઈજનેર શ્રી કતારગામ ઝોનને તબદીલ કરવામાં આવેલ છે. તા.૧૪/૦૫/૧૯ ના રોજ કરેલ ફરિયાદની નકલ રજુ કરેલ નથી. તેમ છતા અત્રેના રેકર્ડની ચકાસણી કરતા માહિતી "નીલ" છે. |
| મુદ્દા નં.૧૫ | મુખ્યમંત્રી આવાસ, પ્રધાનમંત્રી આવાસ ફાળવેલ પરીવારને રહેવા માટે તે હોય કે ભાડે આપવા તેની વિગત. | મુદ્દા નં.૧૫ બાબતે માંગેલ માહિતી અભિપ્રાય/ મંતવ્ય સ્વરૂપની જણાય છે. જે મુજબ મુદ્દા નં. ૧૨ થી ૧૫ બાબતે આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ ભૈતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય આપના દ્રારા માંગવામાં આવેલ ઉપરોક્ત માહિતી પ્રશ્નાર્થ / અભિપ્રાય/ મંતવ્ય/ સુચન સ્વરૂપની જણાય છે. આપના દ્રારા માંગવામાં આવેલ અત્રેના ખાતાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. |

ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭

એફોર્ડેબલ હાઉસીંગ સેલ
યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,
વરીયાવી બજાર પોલીસ ચોકીની
સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીના મુદ્દાની વિગત જોતા પ્રસ્તુત અપીલ અરજી પરત્વે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા અત્રેના પત્ર નં. એફો.હા.સેલ/આ.ન.૧૨૬૨ તા.૧૬/૧૨/૧૯ થી અપીલ અરજીના મુદ્દા નં. ૯,૧૦,૧૦,૧૧ ની સંપૂર્ણ માહિતી માટે અપીલ અધિકારી અને આસી.મ્યુ.કમિશ્નરશ્રી (કતારગામ ઝોન) તથા મુદ્દા નં. ૧૧ ની સંપૂર્ણ માહિતી માટે અપીલ અધિકારી અને આસી.મ્યુ.કમિશ્નરશ્રી (વરાછા ઝોન એ અને બી, લિંબાયત ઝોન, ઉધના ઝોન, અઠવા ઝોન, વેસ્ટ ઝોન) સુરત મહાનગરપાલિકાને તબદીલ કરવામાં આવેલ છે. તેમજ આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ ભૈતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં. એફો.હા.સેલ/આ.ન.૮૬૮ તા.૦૭/૧૦/૧૯ ના રોજ નમુનો–ગ થી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય,વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા યોગ્ય જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી પ્રદિપભાઈ એમ. મુંજાણી, શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણી ની તા.૨૩/૦૯/૧૯ની મુળ અરજી આઈ.ડી.નં.૩૪૫ થી માંગેલ માહિતી સંદર્ભે સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી (એર્ફોડેબલ હાઉસીંગ સેલ)ના પત્ર નં.એફો.હા.સેલ/૮૪૮ તા.૦૧/૧૦/૧૯ થી મુદ્દા નં. ૯,૧૦,૧૦,૧૧ ની સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રી(કતારગામ ઝોન) તથા મુદ્દા નં. ૧૧ ની સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રી (વરાછા ઝોન એ અને બી, લિંબાયત ઝોન, ઉધના ઝોન, અઠવા ઝોન, વેસ્ટ ઝોન) ને તબદીલ કરવામાં આવેલ. જે ધ્યાને લેતા અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા અત્રેના પત્ર નં. એફો.હા.સેલ/આ.ન.૧૨૬૨ તા.૧૬/૧૨/૧૯ થી અપીલ અરજીના મુદ્દા નં. ૯,૧૦,૧૦,૧૧ ની સંપૂર્ણ માહિતી માટે અપીલ અધિકારી અને આસી.મ્યુ.કમિશ્નરશ્રી (કતારગામ ઝોન) તથા મુદ્દા નં. ૧૧ ની સંપૂર્ણ માહિતી માટે અપીલ અધિકારી અને આસી.મ્યુ.કમિશ્નરશ્રી (વરાછા ઝોન એ અને બી, લિંબાયત ઝોન, ઉધના ઝોન, અઠવા ઝોન, વેસ્ટ ઝોન) સુરત મહાનગરપાલિકાને તબદીલ કરવામાં આવેલ છે તેમજ પત્ર નં. એફો.હા.સેલ /૮૬૮ તા.૦૭/૧૦/૧૯ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા થી નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે, જે યોગ્ય અને નિયમાનુસાર જણાતુ હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૨૭૮
તા. ૧૯ /૧૨/૨૦૧૯

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી પ્રદિપભાઈ એમ. મુંજાણી, શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણી .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૭/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી નરેશભાઈ એન.બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદાર શ્રી નરેશભાઈ એન.બથવારની તા.૨૨/૦૧/૨૦૨૦ની અરજી આઈ.ડી. નં.૨૯૪૩ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા. ૧૬/૦૩/૨૦૨૦ની અપીલ અરજી નં.No.SMC/AFO/FAP/07/19-20.

અરજદાર શ્રી નરેશભાઈ એન.બથવારની આરટીઆઈ એકટ હેઠળની અરજી તા.૨૨/૦૧/૨૦૨૦, આઈ.ડી.નં.૨૯૪૩ થી મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી માંગેલ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ EWS-II A,B,C,D સુમન બિલ્ડીગો (સુમન પત્રિકોના) નાં ટાવરોનું બાંધકામ ૧૪ માળનું ડભોલીમાં કરવામાં આવેલ જે અંગેની કોઈ સ્કીમ ઉપલબ્ધ ન હોય, પરંતુ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ટી.પી.સ્કીમ નં. ૩૫(કતારગામ) એફ.પી.૧૨૦ ડભોલીમાં EWS-I ટાઈપ EWS-8 સ્કીમમાં A,B,C,D સુમન બિલ્ડીગો સુમન પ્રતિક નામના ૧૪ માળના આવાસનું નિર્માણ કરવામાં આવેલ હોય, જે ધ્યાને લઈ માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૧૪૬૫ તા.૨૪/૦૧/૨૦૨૦ થી મુદ્દા નં. ૬ અને ૭ ની આંશિક તથા મુદ્દા નં.૮ ની સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રી(કતારગામ ઝોન)ને તબદીલ કરવામાં આવેલ. અરજદારને સાચી માહિતી મળી શકે તે હેતુસર જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા અત્રેના પત્ર નં.એફો.હા.સેલ/૧૫૭૧ તા.૧૦/૦૨/૨૦૨૦ થી નમુનો "ગ" માં દર્શાવેલ વિગતે આપવા જોગ માહિતી સંદર્ભે જાણ કરવામાં આવેલ તેમજ પત્ર નં.એફો.હા.સેલ/૧૫૭૨ તા.૧૦/૦૨/૨૦૨૦ થી નમુનો "ખ" મુજબ અરજદારને નકલ ફી ના રૂા.૫૪/– ભરપાઈ કરવા જણાવવામાં આવેલ, જે અન્વયે અરજદાર ધ્વારા તા.૧૫/૦૨/૨૦૨૦ થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે અનુસંધાન પત્ર લખી મુદ્દા નં. ૬ અને ૭ ની આંશિક માહિતીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવા માંગીએ છીએ તેમ જણાવી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને પત્ર પાઠવવા વિનંતી કરેલ. તેમજ તા.૧૫/૦૨/૨૦૨૦ના રોજ અરજદાર ધ્વારા શરતચૂકથી અત્રેના પત્ર નં.એફો.હા.સેલ/૧૫૭૧ તા.૧૦/૦૨/૨૦૨૦ થી નમુનો "ગ" માં દર્શાવેલ વિગતે આપવા જોગ માહિતી સંદર્ભે નરલ ફી સહિત જાણ કરવામાં આવેલ તેના રૂા.૫૪/– રસીદ નં.૩૦૦/૧૪૭ તેમજ પત્ર નં.એફો.હા.સેલ/૧૫૭૨ તા.૧૦/૦૨/૨૦૨૦ થી નમુનો "ખ" માં જણાવેલ નકલ ફી ના રૂા.૫૪/– રસીદ નં.૩૦૦/૧૪૪ નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનમાં ભરપાઈ કરવામાં આવેલ આમ બે(૨) વખત નકલ ફી ભરપાઈ કરવામાં આવેલ. જેના અનુસંધાને એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૬૨૧ તા.૧૮/૦૨/૨૦૨૦ થી નમુનો–ગ થી માહિતીની નકલ પુરી પાડવામાં આવેલ તેમજ તા.૧૫/૦૨/૨૦૨૦ના અરજદારના અનુસંધાન પત્ર અંગે કોઈ ઈન્સપેકશન/ચકાસણી આપવાની જરૂરિયાત ન હોય તે બાબતે એફો.હા.સેલ આ.નં./૧૬૩૧ તા.૨૦/૦૨/૨૦૨૦ થી પત્ર પાઠવવામાં આવેલ. તેમજ અરજદાર ધ્વારા નકલ ફી રૂા. ૫૪/– તા.૧૫/૦૨/૨૦૨૦ થી વધુ જમા થયેલ રીફંડ કરવામાં આવશે તે બાબતે એફો.હા.સેલ ના પત્ર આ.નં./૧૬૪૧ તા.૨૫/૦૨/૨૦૨૦ થી જાણ કરવામાં આવેલ.

ઉપરોકત મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે મુદ્દા નં. ૬ અને ૭ ની આંશિક માહિતી અંગે નિરીક્ષણ કરવા બાબતે તેમજ એફો.હા.સેલ.આ.નં.૧૫૭૧ નમુના "ગ" મુજબ રૂા.૫૪/– તેમજ નમુનો "ખ" મુજબ રૂા.૫૪/– ભરેલ સંદર્ભે એફો.હા.સેલ.આ.નં.૧૬૨૧ થી પાના નંગ–૨૭ થી માહિતી આપવામાં આવેલ. બાકીના રૂા.૫૪/– ફી ભરવ્યા હોવા છતા માંગેલ માહિતી આપવાની હોવા છતા આપેલ નથી. એમ જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે બાબતે અત્રેના ખાતાને લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| | |
|---|---|
| ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

| મુદ્દા નં. | અરજદારની માંગેલ માહિતી | અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા |
|---|---|---|
| મુદ્દા નં.૧ | અમો અરજદારે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સુમન બિલ્ડીગો–સુમન પત્રિકોના ટાવરોના ૧૪ માળના A,B,C,D ના બાંધકામ ડભોલીમાં કરવામાં આવેલ ફલેટોની ફાળવણીની કાયદેસરતા અંગેના મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર એફોર્ડેબલ હાઉસીગ સેલ વિભાગ પાસે માંગેલ. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીશ્રી એ તા.૧૦/૦૨/૨૦૨૦ના પત્ર નં.એફો.હા.સેલ.આ.નં./૧૫૭૧ થી માંગેલ માહિતીની ૫૪/–રૂા. ફી તથા ૧૫૭૨ થી અમો અરજદારને બીજા ૫૪/–રૂા. ફી ભરવાનુ જણાવેલ. કુલ ફી ની રકમ ૧૦૮/– રૂા. અમો અરજદારે તા.૧૫/૦૨/૨૦૨૦ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, સે.ઝોનમાં રકમ ભરી છે અને મુદ્દા નં. ૬ અને ૭ ની આંશિક માહિતી અને મુદ્દા નં. ૮ ની સંપૂર્ણ માહિતીમાં અમો અરજદારને જણાવેલ કે જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રી કતારગામ ઝોન પાસે મેળવવાનુ જણાવેલ. | પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આપની મુળ અરજીમાં EWS-II A,B,C,D સુમન બિલ્ડીગો (સુમન પત્રિકોના) નાં ટાવરોનું બાંધકામ ૧૪ માળનું ડભોલીમાં કરવામાં આવેલ જે અંગે કુલ ૧ થી ૮ મુદ્દાની માહિતી માંગવામાં આવેલ. પરંતુ આ જણાવ્યા મુજબની સ્કીમ હેઠળનું કોઈ આવાસનું બાંધકામ થયેલ ન હોય, તેથી કોઈ માહિતી રેકર્ડ ઉપલબ્ધ ન હોવા છતાં એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર ધ્વારા તમોને સાચી માહિતી મળી શકે તે હેતુસર સદર યોજના હેઠળના ટી.પી.સ્કીમ નં.૩૫(કતારગામ) એફ.પી.૧૨૦ ડભોલીમાં EWS-I ટાઈપ EWS-8 સ્કીમમાં A,B,C,D સુમન બિલ્ડીગો સુમન પ્રતિક નામના ૧૪ માળના આવાસને લગતી માહિતી પુરી પાડવા જોગ માહિતી સંદર્ભે **પત્ર નં.એફો.હા.સેલ/૧૫૭૧ તા.૧૦/૦૨/૨૦૨૦ થી નમુનો "ગ" થી જાણ કરવામાં આવેલ તેમજ તેની સાથે પત્ર નં.એફો.હા.સેલ/૧૫૭૨ તા.૧૦/૦૨/૨૦૨૦ નમુનો "ખ" થી નકલ ફી ના રૂા.૫૪/– ભરપાઈ કરવા જણાવવામાં આવેલ પરંતુ** આપના ધ્વારા સદર **એક જ આઈ.ડી.નં. થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે** અત્રેના પત્ર નં.એફો.હા.સેલ/૧૫૭૧ તા.૧૦/૦૨/૨૦૨૦ નમુનો "ગ" માં દર્શાવેલ રૂા.૫૪/– રસીદ નં.૩૦૦/૧૪૭ થી તેમજ પત્ર નં.એફો.હા.સેલ/૧૫૭૨ તા.૧૦/૦૨/૨૦૨૦ નમુનો "ખ" થી જણાવેલ નકલ ફી રૂા.૫૪/– પણ રસીદ નં.૩૦૦/૧૪૪ થી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનમાં ભરપાઈ કરવામાં આવેલ. આથી નમુના 'ગ' સંદર્ભે રસીદ નં.૩૦૦/૧૪૭ તા.૧૫/૦૨/૨૦૨૦ થી રૂા.૫૪/– નકલ ફી જમા કરાવેલ તે રકમ રીફંડ કરવામાં આવશે તે બાબતે એફો.હા.સેલ આ.નં./૧૬૪૧ તા.૨૫/૦૨/૨૦૨૦ થી તમોને જાણ કરવામાં આવેલ છે. તેમજ નમુના "ખ" થી ભરપાઈ કરેલ રૂા.૫૪/– અંતર્ગત પત્ર નં.એફો.હા.સેલ. આ.નં.૧૫૭૨, તા.૧૦/૨/૨૦૨૦થી તમોને માહિતીની નકલ પાના નંગ–૨૭ ત્વરીત પુરા પાડવામાં આવેલ હોય, વધુ કોઈ માહિતી પુરી પાડવા જોગ જણાતું નથી. |
| મુદ્દા નં.૨ | મુદ્દા નં. ૬ અને ૭ ની આંશિક માહિતીનુ નિરીક્ષણ આર.ટી.આઈ. એકટની કલમ ૭(૯) અન્વયે અમો અરજદારે તા.૧૫/૦૨/૨૦૨૦ના પત્ર ધ્વારા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર એફોર્ડેબલ હાઉસીગ સેલ વિભાગ પાસે માંગેલ ત્યારબાદ જાહેર માહિતી અધિકારીશ્રી એ તા.૧૮/૦૨/૨૦૨૦ ના પત્ર નં.એફો.હા.સેલ/૧૬૨૧ થી ફકત ૩૦/૦૧/૨૦૧૮ ના રોજ થયેલ ડ્રોના અરજદારોના નામની માહિતી પાના નંગ ૨૭×૨ = ૫૪/– રૂા. ની માહિતીનું લીસ્ટ આપેલ અને બાકીના ૫૪/– રૂા. ની ફી ભરાવ્યા છતા આપેલ નથી. | |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

| | | |
|---|---|---|
| મુદ્દા નં.૩ | અમો અરજદારે માંગેલ માહિતી મુદ્દા નં. ૬ અને ૭ ની આંશિક માહિતીના ઉપલબ્ધ રેકર્ડના નિરીક્ષણમાં જાહેર માહિતી અધિકારીશ્રી એ તા.૨૦/૦૨/૨૦૨૦ના પત્ર એફો.હા.સેલ.આ.નં.૧૬૩૧ થી મુદ્દા નં. ૬ – ૭ ની આંશિક માહિતીના ઉપલબ્ધ રેકર્ડનુ નિરીક્ષણ તેઓ પોતાને વ્યાજબી અને યોગ્ય જણાતુ ન હોય જેથી નિરીક્ષણ આપવાનુ ના પાડેલ છે. પરંતુ આર.ટી.આઈ. એકટનો નિયમ જણાવેલ નથી અને તા.૨૦/૦૨/૨૦૨૦ ના પત્ર નં. એફો.હા.સેલ.આ.નં.૧૬૩૭ થી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રીના જણાવ્યા અનુસાર તેમના વિભાગને લાગુ પડતી ન હોય તેવી માહિતી આકારણી અને વસુલાત અધિકારીશ્રી કતારગામ ઝોન અને વિજીલન્સ એન્ડ ઈન્સપેકશન ઓફિસરશ્રી વિજીલન્સ એન્ડ ઈન્સપેકશન વિભાગને તબદીલ અરજી કરેલ જણાવેલ છે. તથા ૨૫/૦૨/૨૦૨૦ના પત્ર નં. એફો.હા.સેલ.આ.નં.૧૬૪૧ થી અમો અરજદારને ૫૪/– રૂા. ની ફી ભરાવેલ જે રીફંડ તરીકે પરત આપવાનુ જણાવે છે. અને ભરાવેલ ફી ની માહિતી અંગે કશુ પર્સોનેલ ઓફિસરશ્રી એ પોતાના પત્રમાં જણાવેલ નથી. ઉપરોકત બાબતની નોંધથી અમો અરજદારને મુદ્દા નં.૧ થી ૮ અંગેની માંગેલ માહિતીની રજુઆત લેખિતમાં તથા ફી ભરવા છતા મળેલ નથી જેનાથી અમો અરજદાર અસંતુષ્ટ થઈ આર.ટી.આઈ.એકટની કલમ ૧૯(૧) અન્વયે પ્રથમ અપીલ અરજીથી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી તેઓ પોતે ૫૪/–રૂા. ની ફી ભરેલ માહિતી તેમાં જાહેર માહિતી અધિકારીશ્રી પાસેથી અપાવવા અંગેની તથા મુદ્દા નં.૬ અને ૭ નું નિરીક્ષણ ઉપલબ્ધ રેકર્ડનું કરવા અંગેની કાયદેસરની આપશ્રી પાસે દાદ માંગીએ છીએ. | આપના ધ્વારા તા.૧૦/૦૨/૨૦૨૦ થી નમુનો "ખ" મુજબ નકલ ફી ના રૂા.૫૪/– રસીદ નં.૩૦૦/૧૪૪ નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનમાં ભરપાઈ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા અત્રેના પત્ર નં. એફો.હા.સેલ/૧૬૨૧ તા.૧૮/૦૨/૨૦૨૦ ના રોજ નમુનો–ગ થી માહિતીની નકલ/પુર્તતા આપવામાં આવેલ, જેમાં મુદ્દા નં. ૬ અને ૭ ની આંશિક માહિતી માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત EWS-I અને EWS-II ટાઈપ સ્કીમના નીતિ–નિયમ માટે સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ તા.૦૬/૦૭/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ ઠરાવ નં.૯૦૪/૨૦૧૭ ની નકલ પાઠવવામાં આવેલ છે. જેના મુદ્દા નં. ૧૨ ની વિગત ધ્યાને લેતા ફલેટોનો કબજો મેળવ્યા બાદ આજ રોજ સુધીમાં તેવા ફલેટોમાં વસવાટ કરતા ન હોય અને જયારથી સદરહું ફલેટોની ફાળવણી કરવામાં આવેલ હોય ત્યારથી બંધ હાલતમાં હોય તેવી માહિતી અત્રેના વિભાગમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય જે ધ્યાને લઈ અરજી જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રી(કતારગામ ઝોન) ને અત્રેના પત્ર એફો.હા.સેલ./આ.નં. ૧૪૬૫ તા.૨૪/૦૧/૨૦૨૦ થી તબદીલ કરવામાં આવેલ. આપના ધ્વારા મૂળ અરજીમાં ઈન્સપેકશન બાબતનો કોઈ પણ ઉલ્લેખ કરવામાં આવેલ ન હોય તેમજ આપના ધ્વારા નકલ ફી ભરપાઈ કરી માહિતી મેળવ્યા પહેલા જ મુદ્દા નં. ૬ અને ૭ ની આંશિક માહિતી માટે તા.૧૫/૦૨/૨૦૨૦ના રોજ ઈન્સપેકશન/ચકાસણી બાબતે તથા તા.૧૭/૦૨/૨૦૨૦ થી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનમાં અનુસંધાન પત્રથી બે(૨) અરજી કરવામાં આવેલ. આમ આપના ધ્વારા માહિતીની નકલ મેળવ્યા પહેલા અનુસંધાન પત્ર પાઠવી ઈન્સપેકશન/ચકાસણીની માંગણી કરવામાં આવેલ. પરંતુ મુળ અરજીના પ્રસ્તુત મુદ્દા સંદર્ભે નિયમાનુંસારની યોગ્ય અને રેકર્ડ આધારીત માહિતીની નકલ પુરી પાડવામાં આવેલ હોય, તેમજ ફલેટ ફાળવણીનો ડ્રો અત્રેના વિભાગમાંથી થયા બાદ આપી શકાય. સદર બાબતે આપને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર એફોર્ડેબલ હાઉસીગ સેલ ધ્વારા એફો.હા.સેલ.આ.નં./૧૬૩૧ તા.૨૦/૦૨/૨૦૨૦ થી પત્ર પાઠવી તમોને જાણ કરવામાં આવેલ છે. તેમજ આ બાબતે પર્સોનેલ ઓફિસરશ્રી ધ્વારા એફો.હાઉ.સેલ.આ.નં./૧૬૩૭ તા.૨૦/૦૨/૨૦૨૦ થી પણ તમોને પત્ર પાઠવવામાં આવેલ. આવાસનો લાભાર્થીઓને કબજો સોંપાઈ ગયા બાદ સ્થાયી સમિતિ ઠરાવ નં. ૯૦૪/૨૦૧૭ના મુદ્દા નં.૧૨ ને ધ્યાને લેતા સમગ્ર જવાબદારી નોર્થ ઝોન આકારણી વિભાગની રહેલ હોય તેમજ અંશે અરજી તે વિભાગને તબદીલ પણ કરવામાં આવેલ હોય, અત્રેના વિભાગ કક્ષાઓની આપના ધ્વારા રેકર્ડ નિરીક્ષણ કરાવવાની કરેલ માંગણી ગ્રહય રાખવા જોગ ન હોય, વધુમાં આપના ધ્વારા એક જ આઈ ડી બાબતે બે વખત ફી ભરપાઈ કરેલ હોય તે બાબતે તમોને ઉપયુકત મુદ્દા નં.૧ તથા ૨ ની પુર્તતામાં યોગ્ય જાણકારી પુરી પાડવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

આપની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આપશ્રી નરેશભાઈ એન.બથવાર ની તા.૨૨/૦૧/૨૦૨૦ની મુળ અરજી આઈ.ડી.નં.૨૯૪૩ થી માંગેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી એફોર્ડેબલ હાઉસીંગ સેલ ધ્વારા અરજદારને સાચી માહિતી મળી શકે તે શુભ હેતુસર જે અંગેની માહિતી સંદર્ભે પત્ર નં.એફો.હા.સેલ/૧૫૭૧ તા.૧૦/૦૨/૨૦૨૦ થી નમુનો "ગ" થી પુરી પાડવા જોગ માહિતી બાબતે નકલ ફી સહિત જાણ કરવામાં આવેલ તેમજ તેની સાથે પત્ર નં.એફો.હા.સેલ/૧૫૭૨ તા.૧૦/૦૨/૨૦૨૦ થી નકલ ફી રૂા. ૫૪/– ભરપાઈ કરવા બાબતે નિયમાનુસાર નમુના "ખ" મુજબના પત્રથી જાણ કરવામાં આવેલ તેમજ મુદ્દા નં. ૬ અને ૭ ની આંશિક માહિતી માટે વધુમાં પ્રધાનમંત્રી આવાસ યોજના EWS-II A,B,C,D ની માહિતી માંગેલ હતી, પરંતુ તેવી માહિતીનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નહી હોવા છતાં અરજી જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રી(કતારગામ ઝોન) ને અત્રેના પત્ર એફો.હા.સેલ./આ.નં. ૧૪૬૫ તા.૨૪/૦૧/૨૦૨૦ થી તબદીલ કરવામાં આવેલ. આપના ધ્વારા **એક જ આઈ.ડી.નં. થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે** રૂા.૫૪/– + રૂા.૫૪/– નકલ ફી ભરપાઈ કરવામાં આવેલ. તેમજ માંગવામાં આવેલ માહિતી સંદર્ભે મૂળ અરજીના અનુસંધાને બે(૨) અન્ય સાદી અરજી મુદ્દા નં ૬ અને ૭ બાબતે રેકર્ડનું ઈન્સપેકશન કરવા માંગણી કરેલ. સદર બાબતે આપના ધ્વારા આવી અનુસંધાન સાદી અરજી બાબતે માહિતી/પુર્તતા/ઈન્સપેકશન કરવાની જવાબદારી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરની રહેતી નથી. તેમ છતાં જે સંદર્ભે અત્રેના પત્ર નં.એફો.હા.સેલ.આ.નં./૧૬૩૧ તા.૨૦/૦૨/૨૦૨૦ તથા એફો.હાઉ.સેલ.આ.નં./૧૬૩૭ તા.૨૦/૦૨/૨૦૨૦ થી પત્ર પાઠવવામાં આવેલ છે. મૂળ અરજી સંદર્ભે નમુના "ખ" માં દર્શાવેલ ફી પેટે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા અત્રેના પત્ર નં. એફો.હા.સેલ/૧૬૨૧ તા.૧૮/૦૨/૨૦૨૦ ના રોજ નમુનો–ગ થી માહિતીની નકલ/પુર્તતા આપવામાં આવેલ તથા આપના ધ્વારા નમુના "ગ" મુજબ ભરવામાં આવેલ વધારાના રૂા.૫૪/– રીફંડ બાબતે પણ પર્સોનેલ ઓફિસરશ્રી ધ્વારા પત્ર પાઠવવામાં આવેલ હોય, જે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય,વધુ કોઈ માહિતી પુરી પાડવાની કાર્યવાહી કે રેકર્ડનુ નિરીક્ષણ કરવાનું જરુરી જણાતુ નહી હોય જે યોગ્ય અને નિયમાનુસાર જણાતુ હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૬૫
તા. ૧૫/૦૫/૨૦૨૦

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી નરેશભાઈ એન.બથવાર .......પ્રતિ.... જાણ માટે.

**નોંધ :–COVID-19 વૈશ્વિક મહામારી તથા LOCKDOWN ના કારણે અપીલનો જવાબ હાલ પાઠવવામાં આવેલ છે.**

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |